




**IPL 2026** આજની મેચ PBKS Vs DC ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: ધર્મશાલા

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| SRH | 11 | 7 | 4 | 0 | 14 | 0.737 |
| GT | 11 | 7 | 4 | 0 | 14 | 0.228 |
| PBKS | 10 | 6 | 3 | 1 | 13 | 0.571 |
| RCB | 10 | 6 | 4 | 0 | 12 | 1.234 |
| CSK | 11 | 6 | 5 | 0 | 12 | 0.185 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| KKR | 10 | 4 | 5 | 1 | 9 | -0.169 |
| DC | 11 | 4 | 7 | 0 | 8 | -1.154 |
| MI | 10 | 3 | 7 | 0 | 6 | -0.649 |
| LSG | 11 | 3 | 8 | 0 | 6 | -0.907 |

# ચેન્નાઈએ લખનઉને હરાવી પ્લેઓફની આશાઓ જીવંત રાખી

**લખનઉએ** આપેલા 204 રનના લક્ષ્યાંકને ચેન્નાઈએ 4 બોલ બાકી રહેતા મેળવ્યો

**ઉર્વિલ** પટેલે 13 બોલમાં ફિફ્ટી ફટકારી આઈપીએલ ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદીના રેકોર્ડની બરાબરી કરી



ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ): ચેન્નઈ સુપર કિંગ્સે (CSK) રવિવારે રમાયેલી રોમાંચક મેચમાં લખનઉ સુપર કિંગ્સને (LSG) 5 વિકેટથી હરાવીને પ્લેઓફની આશાઓ જીવંત રાખી છે.

આ જીતનો અસલી હીરો ઉર્વિલ પટેલ રહ્યો, જેણે માત્ર 13 બોલમાં અડધી સદી ફટકારીને આઈપીએલ ઈતિહાસમાં સૌથી ઝડપી ફિફ્ટીના યશસ્વી જયસ્વાલના રેકોર્ડની બરાબરી કરી છે. ઉર્વિલે 23 બોલમાં 8 છગ્ગા અને 2 ચોગ્ગાની મદદથી 65 રન ઝૂડી કાઢ્યા હતા. અડધી સદી પૂરી કર્યા બાદ તેણે ખિસ્સામાંથી 'આ તમારા માટે છે પપ્પા' લખેલી ચિઠ્ઠી કાઢીને પોતાના પિતા મુકેશ પટેલને આ ઈતિહાસિક પારી સમર્પિત કરી હતી.

પ્રથમ બેટિંગ કરતા લખનઉએ જોશ ઈંગ્લિશના આક્રમક 85 રન (33 બોલ)ની મદદથી 8 વિકેટે 203 રન બનાવ્યા હતા. ઈંગ્લિશે માત્ર 17 બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. જોકે, ચેન્નઈના બોલર જેમી ઓવરટોને 3 વિકેટ ઝડપી લખનઉને મોટા સ્કોર તરફ જતા અટકાવ્યું હતું. 204 રનના ટાર્ગેટનો પીછો કરતા ઉર્વિલના તોફાન બાદ અંતમાં શિવમ દુબેએ (અણનમ 15 રન) સતત બે છગ્ગા ફટકારીને 4 બોલ બાકી હતા ત્યારે જીત અપાવી હતી. આ હાર સાથે લખનઉની પ્લેઓફમાં પહોંચવાની આશા હવે લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

| લખનઉ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઈંગ્લિસ કો સેમસન બો ઓવરટન | 85 | 33 | 10 | 6 |
| માર્શ કો બ્રેવિસ બો કંબોજ | 10 | 10 | 0 | 1 |
| પૂરન કો ખઆન બો નૂર | 1 | 3 | 0 | 0 |
| પંત બો ઓવરટન | 15 | 12 | 2 | 0 |
| માર્કરમ રનઆઉટ બ્રેવિસ | 6 | 7 | 0 | 0 |
| રઘુવંશી કો ઉર્વિલ બો ઓવરટન | 18 | 18 | 1 | 0 |
| શાહબાઝ અણનમ | 43 | 25 | 3 | 3 |
| હિંમત બો કંબોજ | 17 | 12 | 1 | 1 |
| શમી રનઆઉટ | 0 | 1 | 0 | 0 |
| આવેશ ખાન અણનમ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 8 | | | |

કુલ 20 ઓવરમાં 8 વિકેટે 203 રન
**વિકેટ પતન:** 1-77, 2-92, 3-112, 4-115, 5-130, 6-147, 7-197, 8-197

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અકીલ હુસેન | 4 | 0 | 49 | 0 |
| મુકેશ ચૌધરી | 4 | 0 | 45 | 0 |
| અંશુલ કંબોજ | 4 | 0 | 47 | 2 |
| નૂર અહેમદ | 4 | 0 | 24 | 1 |
| જેમી ઓવરટન | 4 | 0 | 36 | 3 |

| ચેન્નાઈ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન બો રાઠી | 28 | 14 | 3 | 2 |
| ઋતુરાજ બો શાહબાઝ | 42 | 28 | 3 | 2 |
| ઉર્વિલ કો આવેશ બો શાહબાઝ | 65 | 23 | 2 | 8 |
| કાર્તિક કો અક્ષત બો આવેશ | 20 | 20 | 1 | 0 |
| બ્રેવિસ બો રાઠી | 10 | 12 | 1 | 0 |
| દુબે અણનમ | 15 | 7 | 0 | 2 |
| પ્રશાંત અણનમ | 17 | 12 | 0 | 2 |
| વધારાના | 11 | | | |

કુલ 19.2 ઓવરમાં 5 વિકેટે 208 રન
**વિકેટ પતન:** 1-45, 2-126, 3-149, 4-169, 5-169

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ શમી | 4 | 0 | 37 | 0 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 36 | 0 |
| દિગ્વેશ રાઠી | 4 | 0 | 45 | 2 |
| આવેશ ખાન | 4 | 0 | 44 | 1 |
| શાહબાઝ અહેમદ | | 0 | 30 | 2 |
| એઈડેન માર્કરમ | 0.2 | 0 | 14 | 0 |

# બેંગ્લુરુએ મુંબઈને 166 રન પર અટકાવ્યું

**ભુવનેશ્વર** કુમારે 4 વિકેટ ઝડપી

**રોહિત** અને સૂર્યકુમાર નિષ્ફળ ગયા



રાયપુર, તા. 10 (પીટીઆઈ): રાયપુરમાં રમાયેલી IPL મેચમાં ભુવનેશ્વર કુમારની શાનદાર બોલિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ મુંબઈ ઈન્ડિયન્સને 7 વિકેટે 166 રન પર રોકી દીધું હતું. પિચ પર તિરાડો અને અસમાન બાઉન્સનો ફાયદો ઉઠાવતા ભુવનેશ્વરે 4 ઓવરમાં માત્ર 23 રન આપીને 4 મહત્વની વિકેટ ઝડપી હતી. તેણે પાવરપ્લેમાં જ મુંબઈના ટોપ ઓર્ડરને વેરવિખેર કરી નાખ્યું હતું, જેમાં રાયન રિકલટન (2), રોહિત શર્મા (22) અને કાર્યકારી કેપ્ટન સૂર્યકુમાર યાદવ (0)ને આઉટ કરી મુંબઈનો સ્કોર 3 વિકેટે 28 રન કરી દીધો હતો.

મુશ્કેલ સ્થિતિમાં તિલક વર્માએ 42 બોલમાં 57 રનની લડાયક ઈનિંગ રમી હતી, જેમાં 3 ચોગ્ગા અને 2 છગ્ગા સામેલ હતા. તેને નમન ધીરનો સાથ મળ્યો, જેણે 32 બોલમાં 47 રન ફટકાર્યા હતા. બંને વચ્ચે ચોથી વિકેટ માટે 82 રનની મજબૂત ભાગીદારી નોંધાઈ હતી, જેના કારણે મુંબઈ સન્માનજનક સ્કોર સુધી પહોંચી શક્યું હતું. તિલકને 9 રનના સ્કોર પર સુયશ શર્માએ જીવનદાન આપ્યું હતું, જે મુંબઈ માટે ફાયદાકારક સાબિત થયું.ભુવનેશ્વરે આ સીઝનમાં છઠ્ઠી વખત ઈનિંગમાં 3 કે તેથી વધુ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે. મુંબઈના બેટ્સમેનોએ રન બનાવવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો, જ્યારે RCBના બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને રન ગતિ પર કાબૂ રાખ્યો હતો.

| મુંબઈ ઈન્ડિયન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલ્ટન કો પાટીદાર બો કુમાર | 2 | 4 | 0 | 0 |
| રોહિત કો શર્મા બો ભુવનેશ્વર | 22 | 10 | 2 | 2 |
| નમન બો રસિખ | 47 | 32 | 5 | 2 |
| સૂર્યકુમાર કો કોહલી બો ભુવનેશ્વર | 0 | 1 | 0 | 0 |
| તિલક બો ભુવનેશ્વર | 57 | 42 | 3 | 2 |
| જેક્સ કો બેથએલ બો શેફર્ડ | 10 | 10 | 1 | 0 |
| રાજ કો પાટીદાર બો હેઝલવુડ | 16 | 14 | 1 | 0 |
| કોર્બીન અણનમ | 5 | 5 | 0 | 0 |
| દીપક અણનમ | 1 | 2 | 0 | 0 |
| વધારાના | 6 | | | |

કુલ 20 ઓવરમાં 7 વિકેટે 166 રન
**વિકેટ પતન:** 1-4, 2-28, 3-28, 4-110, 5-132, 6-155, 7-161

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 23 | 4 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 33 | 1 |
| રસિખ સલામ | 4 | 0 | 42 | 1 |
| રોમારિયો શેફર્ડ | 3 | 0 | 18 | 1 |
| કૃણાલ પંડ્યા | 3 | 0 | 26 | 0 |
| સુયશ શર્મા | 2 | 0 | 21 | 0 |

# આજે ધર્મશાલામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

**પ્લેઓફની** રેસમાં ટકી રહેવા પંજાબ માટે ઓછામાં ઓછી 2 મેચ જીતવી જરૂરી

**દિલ્હીના** કેપ્ટન અક્ષરે આગામી સીઝનની તૈયારીઓ શરૂ કરી

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી



ધર્મશાલા, તા. 10 (પીટીઆઈ): પંજાબ કિંગ્સ સોમવારે ધર્મશાલાના નયનરમ્ય વાતાવરણમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. ટુર્નામેન્ટની શરૂઆતમાં અજેય રહેલી પંજાબની ટીમે છેલ્લી 3 મેચોમાં સતત હારનો સામનો કર્યો છે, જેના કારણે હવે તેમના માટે દરેક મેચ મહત્વની બની ગઈ છે.

પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની આ ટીમને હજુ ઓછામાં ઓછી 2 જીતની જરૂર છે. હૈદરાબાદ સામેની છેલ્લી મેચમાં પંજાબનું ફિલ્ડિંગ અત્યંત નબળું રહ્યું હતું અને અર્શદીપ સિંહ સહિતના ફાસ્ટ બોલરો ઘણા રન લૂંટાવી રહ્યા છે. ઓપનિંગ જોડી પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહના બેટમાંથી રન નીકળતા બંધ થયા છે, જે ટીમ માટે ચિંતાનો વિષય છે.

બીજી તરફ, દિલ્હી કેપિટલ્સની હાલત ઘણી દયનીય છે. છેલ્લી 6 મેચોમાંથી 5 મેચ હાર્યા બાદ હવે તેઓ પોઈન્ટ ટેબલમાં નીચે ધકેલાઈ ગયા છે. દિલ્હીના બેટ્સમેનો ધીમી પીચ પર રમવામાં નિષ્ફળ રહ્યા છે અને સ્ટાર સ્પિનર કુલદીપ યાદવનું ફોર્મ પણ કથળ્યું છે. જોકે દિલ્હી માટે પ્લેઓફની આશા ગણિતની દ્રષ્ટિએ હજુ થોડી જીવંત છે, પરંતુ કેપ્ટન અક્ષર પટેલે હવે આગામી સીઝન માટેની તૈયારીઓ અને બેન્ચ પર બેઠેલા ખેલાડીઓને તક આપવા અંગે વિચારવાનું શરૂ કરી દીધું છે. મિશેલ સ્ટાર્કની ટીમમાં વાપસી કદાચ હવે દિલ્હી માટે ઘણી મોડી સાબિત થઈ શકે છે.

# આર્ચરી વર્લ્ડકપ: ચીનને હરાવી ભારતીય મહિલા રિકર્વ ટીમે જીત્યો ગોલ્ડ

**સ્કોર** બરાબર થતા શૂટ ઓફથી લેવાયો નિર્ણય જેમાં યુવા કુમકુમે પરફેક્ટ 10 અને કેપ્ટન દીપિકાએ 9 પોઈન્ટ મેળવ્યા

**ભારતે** ટુર્નામેન્ટમાં કુલ 2 મેડલ (1 ગોલ્ડ અને 1 બ્રોન્ઝ) મેળવ્યા



શંઘાઈ, તા. 10 (પીટીઆઈ): દીપિકા કુમારીના નેતૃત્વમાં ભારતીય મહિલા રિકર્વ ટીમે શાંઘાઈ આર્ચરી વર્લ્ડ કપ સ્ટેજ-2માં ચીનને હરાવીને યાદગાર ગોલ્ડ મેડલ જીત્યો છે. રવિવારે રમાયેલી આ રોમાંચક ફાઈનલમાં દીપિકા કુમારી, અંકિતા ભકત અને 17 વર્ષીય કુમકુમ મોહોદની ત્રિપુટીએ યજમાન ચીન સામે 5-4 થી વિજય મેળવ્યો હતો.

મેચ ખૂબ જ રસાકસી ભરેલી રહી હતી, જેમાં નિર્ધારિત સમયમાં સ્કોર 4-4થી બરાબર થતા શૂટ-ઓફ દ્વારા નિર્ણય લેવાયો હતો. શૂટ-ઓફમાં ભારતે 28-26થી બાજી મારીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

ભારતીય ટીમ માટે આ જીત ખાસ છે કારણ કે સેમીફાઈનલમાં તેમણે 10 વખતની ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાને હરાવીને મોટો ઉલટફેર કર્યો હતો. 4 વખત ઓલિમ્પિક રમી ચૂકેલી અનુભવી દીપિકા કુમારીએ આ મેચમાં માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી. ચોથા સેટમાં ભારત હારની નજીક હતું, પરંતુ ચીનની યુવા ખેલાડી યુ ચી અંતિમ તીર પર જરૂરી 9 પોઈન્ટ મેળવવામાં નિષ્ફળ રહી અને 8 પોઈન્ટ જ મેળવી શકી, જેનાથી ભારતને શૂટ-ઓફમાં જવાની તક મળી. શૂટ-ઓફમાં કુમકુમે 10 અને દીપિકાએ 9 પોઈન્ટ મેળવી વિજય સુનિશ્ચિત કર્યો હતો. આ જીત સાથે ભારતે ટુર્નામેન્ટમાં કુલ 2 મેડલ (1 ગોલ્ડ અને 1 બ્રોન્ઝ) મેળવ્યા છે. જોકે, સિમરનજીત કૌર બ્રોન્ઝ મેડલ માટેની પ્લેઓફમાં હારી જતાં ત્રીજો મેડલ હાથમાંથી સરી ગયો હતો.

# વર્લ્ડકપ શોટગન: નીરુ અને વિવાને જીત્યો બ્રોન્ઝ

**ઓલિમ્પિક** ઇવેન્ટમાં આ બંનેનો આ પ્રથમ વર્લ્ડકપ મેડલ




નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): નીરુ ઢાંડા અને વિવાન કપૂરની જોડીએ કઝાકિસ્તાનના અલ્માટીમાં રમાયેલા આઈએસએસએફ (ISSF) વર્લ્ડકપ શૉટગનમાં ટ્રેપ મિક્સ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ઓલિમ્પિક ઈવેન્ટમાં આ બંનેનો આ પ્રથમ વર્લ્ડકપ મેડલ છે.

ભારતીય જોડીએ શાનદાર પ્રદર્શન કરતા ફાઈનલમાં 30 માંથી 24 ટાર્ગેટ હિટ કર્યા હતા. ઓલિમ્પિક પ્રોગ્રામમાં આ ઈવેન્ટ જોડાયા બાદ ભારતનો આ માત્ર બીજો વર્લ્ડ કપ મેડલ છે.

ક્વોલિફિકેશનમાં ઈટાલીની જોડી કરતા પાછળ રહેવાને કારણે ભારતે બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો, કારણ કે ફાઈનલમાં બંનેનો સ્કોર સમાન રહ્યો હતો. આ સ્પર્ધામાં ચાઈનીઝ તાઈપેઈની જોડીએ 36ના વર્લ્ડ રેકોર્ડ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ક્વોલિફિકેશન રાઉન્ડમાં વિવાને 75 માંથી 73 ટાર્ગેટ સફળતાપૂર્વક સાધ્યા હતા. આ જીત સાથે ભારતે આ ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનનો સુખદ અંત આણ્યો છે.

## સુડોકુ ૭૨૧૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૭ | ૮ | ૩ | ૫ | | | ૬ |
| | ૫ | | | ૧ | ૨ | ૩ | | ૯ |
| ૩ | | | ૬ | ૯ | ૭ | | ૨ | |
| ૪ | ૮ | ૫ | | ૨ | | | ૩ | ૧ |
| ૨ | | | ૫ | | | | | ૭ |
| | | ૧ | | | ૯ | ૨ | ૮ | |
| | ૪ | ૯ | | | ૮ | | ૬ | |
| ૫ | ૬ | ૨ | ૧ | | ૩ | | | ૪ |
| ૭ | ૩ | | ૯ | | | | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ચક્કર આવવા

માનસિક ભ્રમ, ચક્કર પિત્ત વૃદ્ધિનો સંકેત કરે છે. ધમાસો (Fagonia cretica) ચેતાતંત્ર માટે હિતકર છે. ધમાસો નું દશ ગ્રામ યવકુટ ચૂર્ણ 200 ગ્રામ પાણી અને 200 ગ્રામ ગાયના ગાયના દૂધમાં ઉકાળવું. પાણી 200g બળી જાય પછી ગાળીલો. તેમાં પ્રમાણસર સાકર અને એક ચમચી ઘી ઉમેરી રોજ સવારે પીવું. શરદી સાથે હોય તો ત્રિભુવન કીર્તિની બે ગોળી લેવી.

## શબ્દગુંફન - ૭૨૧૭

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. ગ્રંથાલયમાં ગ્રંથોની વ્યવસ્થા કરનાર (૪)
૪. વ્યાપ્તિ, વિસ્તાર (૨)
૬. મૂગું, ચીકાશ વિનાનું (૩)
૮. ઝાડનો જાડો ભાગ (૨)
૯. એક મિઠાઈ (૪)
૧૧. આશરો (૩)
૧૩. મેંદી (૨)
૧૬. રોજગાર (૨)
૧૮. મુલાકાત, મળવું તે (૩)
૨૦. દાન, આપનાર (૨)
૨૨. બ્રહ્મા (૩)
૨૩. મળેલી જમીન કે રકમ (૩)
૨૫. જડેલું, બેસાડેલું (૩)
૨૭. નુકસાન, ઊણપ (૨)
૨૯. હોડી (૨)
૩૦. હસવા યોગ્ય (૪)
૩૩. ઠીક, સારું (૨)
૩૪. પાણી (૨)
૩૫. આનંદ, ગમ્મત (૩)
૩૬. ભંડાર (૨)
૩૭. દિવસ (૩)

**ઊભી ચાવી**
૧. ગાંઠ, આંટી (૨)
૨. પવિત્ર કરનાર(૩)
૩. ઔષધ (૨)
૫. પથ્થર (૩)
૬. અનાજ, ખોરાક (૨)
૭. પ્યાલો (૨)
૯. આશરો (૩)
૧૦. શેરડીનું ખેતર કે વાવેતર (૨)
૧૨. અવાજ, ધૂન (૨)
૧૪. અક્ષય ખન્નાની એક ફિલ્મ (૨)
૧૫. દોલત (૨)
૧૭. જીવતર, જિંદગી (૩)
૧૮. પ્રસ્તાવના રૂપે બે બોલ (૪)
૧૯. પર્વત (૨)
૨૦. સેવક (૨)
૨૧. પાણીનો કુંડ (૨)
૨૪. રાજાને છાજે તેવું (૩)
૨૬. શરીર, દિલ, મન (૨)
૨૮. ઘોડો (૨)
૨૯. વૃક્ષ (૨)
૩૦. જમીન ખેડવાનું ઓજાર (૨)
૩૧. રસ વિનાનું (૩)
૩૨. વશ, તાબે (૨)
૩૩. કંટાળેલું (૨)
૩૪. કીર્તિ, યશ (૨)



## આજનું પંચાંગ

**તા.11/05/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિ:** વદ : નોમ : 15:25
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 21
**યોગ :** ઐન્દ્ર **કરણ:** વણિજ
**નક્ષત્ર :** શતભિષા: 25:29
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ)
**દિવસ :** મિશ્ર - મંગળ મેષમાં 12:39 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:05
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:06
**નવકારસી :** 06:53
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 23મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે : 07:30 થી 09:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** બૌદ્ધિક કામમાં સફળતા મળે. પ્રેમમાં વિઘ્નો આવે. નવા મિત્રોથી સાવધાન, વિદ્યાર્થીઓની અશાંતિ વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** આવકમાં વધારો થાય. નવાં લોકોથી સાવધાન. ધંધામાં નવા સંપર્ક વધશે. નોકરીમાં જવાબદારી વધે.

**મિથુન (ક,છ,ઘ,):** પાર્ટી પીકનીક થાય, તીર્થયાત્રા થાય. રચનાત્મક કાર્યો પાર પડે. ઉચ્ચકક્ષાના લોકોનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** વાદ-વિવાદથી બચવું. આરોગ્ય બાબતે ખાવા-પીવામાં ધ્યાન રાખવું. અણગમતા સમાચાર મળે.

**સિંહ (મ,ટ,):** કૌટુંબિક સમસ્યામાં કોઇને વચ્ચે લાવવા નહીં. રોજના કામમાં આવક વધે. ઘરમાં અશાંતિ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** મિત્રોનો સાથ મળે. વિજાતિય આકર્ષણ સતાવે. નોકરીમાં હરીફો વધે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ થી કામ કરવું. નવાં મિત્રોથી સાવધાન રહેવું. પ્રેમમાં અશાંતિ રહે.

**વૃશ્ચિક (ન,ય,):** બહારના કામમાં વ્યસ્ત રહેવું પડે. ઘરમાં અશાંતિ રહે. મકાન બાબતે ચિંતા સાતવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક કાર્યસિદ્ધિનો લાભ મળે. સમાજમાં માન વધે. પારિવારિક પ્રશ્નો સતાવે. આવક વધશે.

**મકર (ખ,જ,):** વડીલોની મદદથી ઘરની સમસ્યાનું સમાધાન થાય. પારિવારિક ધંધામાં આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પડવા-વાગવા આગ, અકસ્માતથી સાવધાન રહેવું. નોકરીમાં સાવધાની રાખવી.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં અશાંતિ રહે. સરકારી કામમાં વિઘ્નો આવે. ધાર્મિક યાત્રા થાય. ખર્ચા વધશે.

### કોઈ પણ સાલમાં 11 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષના સંકેત આપે છે. નોકરી-ધંધામાં ચડતી-પડતી નવી તક જવાબદારી સ્થાન ફેર અને દોડ:ધામની સાથે ટેક્નોલોજીનું જ્ઞાન પણ પ્રાપ્ત થાય. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. નવા વેપાર-ધંધા-નોકરી વગેરેમાં સંઘર્ષ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના કેરિયર-અભ્યાસમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. હરીફો વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન જુલાઈ, સોમ, ગુરુવાર 2, 11, 20, 29 તારીખે નવા કામ કરી શકાય, સફેદ ક્રીમ રંગનો ઉપયોગ કરતાં રહેવું. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05 ,08 તારીખે નવા કામ ટાળવા. કાળો, લીલો, ભૂરો રંગ ટાળવો. ચંદ્ર દેવના ઉપાય કરતા રહેવું.

# ક્રિકેટમાં નવો મોરચો: પાકિસ્તાન અને બાંગ્લાદેશે હાથ મિલાવ્યા

**બંને** બોર્ડ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના બે-સ્તરીય મોડલનો વિરોધ કરશે

**નક્વીની** બાંગ્લાદેશની બે દિવસની મુલાકાત દરમિયાન બંને બોર્ડ વચ્ચે કેટલાંક મુદ્દાઓ પર સમજૂતી થઈ



કરાચી, તા. 10 (પીટીઆઈ): પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ એશિયન અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મંચ પર એકબીજાને ટેકો આપવા અને 2028-31ના ફ્યુચર ટૂર્સ પ્રોગ્રામ (FTP)માં સંતુલન જાળવવા માટે સમજૂતી કરી છે.

PCB ના અધ્યક્ષ મોહસીન નકવીની ઢાકા મુલાકાત દરમિયાન બાંગ્લાદેશના વચગાળાના ક્રિકેટ વડા તમીમ ઈકબાલ સાથે આ મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. બંને બોર્ડે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)માં બે-સ્તરીય (ટુ-ટાયર) સિસ્ટમ દાખલ કરવાના કોઈપણ પ્રયાસનો વિરોધ કરવાનું નક્કી કર્યું છે.

બંને દેશોનું માનવું છે કે હાલમાં ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવી મોટી ટીમોને WTCમાં વધુ મેચો મળે છે, જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવી ટીમોની અવગણના કરવામાં આવે છે. આ જોડાણ દ્વારા તેઓ ICCમાં અન્ય બોર્ડને સાથે રાખીને એક મજબૂત બ્લોક બનાવવા માગે છે, જેથી ચેમ્પિયનશિપની આગામી આવૃત્તિમાં વધુ સંતુલન જાળવવાની માગ અને 2027 પછીના નવા નાણાકીય ચક્રમાં આઈસીસી (ICC)ની ઈવેન્ટ્સમાંથી મળતા હિસ્સાની વહેંચણીમાં પણ યોગ્ય સમાનતા લાવવાની માગ કરી શકાય.

આ મુલાકાતે એવી અટકળો પર પણ વિરામ મૂક્યો છે કે બાંગ્લાદેશનું નવું બોર્ડ માત્ર ભારત તરફ ઝુકાવ ધરાવે છે.

# બાંગ્લાદેશે પાકિસ્તાન પર પાતળી સરસાઈ મેળવી

**મેહદી** હસનની 5 વિકેટ, પાકિસ્તાન પ્રથમ ઈનિંગમાં 386 રન પર ઓલઆઉટ થયું



ઢાકા, તા. 10 (એપી): બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ઓફ સ્પિનર મેહદી હસન મિરાઝે તરખાટ મચાવતા 102 રનમાં 5 વિકેટ ઝડપી હતી. તેના શાનદાર પ્રદર્શનને કારણે બાંગ્લાદેશે પાકિસ્તાનને પ્રથમ ઈનિંગમાં 386 રન પર ઓલઆઉટ કરી 27 રનની મહત્વની સરસાઈ મેળવી હતી.

વરસાદથી પ્રભાવિત આજના દિવસના અંતે બાંગ્લાદેશે બીજી ઈનિંગમાં કોઈપણ વિકેટ ગુમાવ્યા વગર 7 રન બનાવી લીધા છે, જેથી તેમની કુલ લીડ હવે 34 રન થઈ છે.

આ પહેલાં પાકિસ્તાન તરફથી ડેબ્યુટન્ટ ઓપનર અઝાન અવેસે શાનદાર પ્રદર્શન કરતા 103 રનની સદી ફટકારી હતી. અઝાન ડેબ્યુ ટેસ્ટમાં સદી ફટકારનાર પાકિસ્તાનનો 15મો બેટ્સમેન બન્યો છે. આ ઉપરાંત અબ્દુલ્લા ફઝલ (60), સલમાન આગા (63) અને મોહમ્મદ રિઝવાને (59) અડધી સદી ફટકારી ટીમને મજબૂત સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ટાસ્કિન અહમદે 2 વિકેટ ઝડપી પાકિસ્તાનના મધ્યમ ક્રમને ઝટકા આપ્યા હતા. ટાસ્કિન ટેસ્ટ ક્રિકેટમાં 50 વિકેટ લેનારો બાંગ્લાદેશનો માત્ર ત્રીજો ફાસ્ટ બોલર બન્યો છે. વરસાદ અને ખરાબ રોશનીને કારણે રમત વહેલી રોકવી પડી હતી.

# પ્રીમિયર લીગ: માન્ચેસ્ટર સિટીની શાનદાર જીત સાથે આર્સનલ પર દબાણ વધ્યું

**જેરેમી** ડોકુ, અર્લિંગ હાલેન્ડ અને ઓમર મારમુશે ગોલ કરીને સિટીને મહત્વની જીત અપાવી

**માન્ચેસ્ટર** સિટીએ આર્સનલ સાથેનું અંતર ઘટાડીને માત્ર 2 પોઈન્ટ કર્યું



માન્ચેસ્ટર, તા. 10 (એપી): માન્ચેસ્ટર સિટીએ બ્રેન્ટફોર્ડને 3-0થી હરાવીને પ્રીમિયર લીગના ટેબલમાં ટોચ પર રહેલા આર્સનલ સાથેનું અંતર ઘટાડીને માત્ર 2 પોઈન્ટ કરી દીધું છે. એતિહાદ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં જેરેમી ડોકુ, અર્લિંગ હાલેન્ડ અને ઓમર મારમુશે બીજા હાફમાં ગોલ કરીને સિટીને મહત્વની જીત અપાવી હતી. હાલેન્ડ માટે આ ગોલ ખાસ હતો કારણ કે આ સીઝનમાં ક્લબ અને દેશ (નોર્વે) માટે તેનો આ 50મો ગોલ હતો. પેપ ગાર્ડિઓલાની ટીમ હવે આશા રાખી રહી છે કે રવિવારે આર્સનલ વેસ્ટ હેમ સામે પોઈન્ટ ગુમાવે.

બીજી તરફ, એનફિલ્ડમાં લિવરપૂલના ચાહકોમાં નિરાશા જોવા મળી હતી. ગઈકાલે લિવરપૂલ અને ચેલ્સિયા વચ્ચેની મેચ 1-1થી ડ્રોમાં પરિણમી હતી, જેના કારણે લિવરપૂલના સમર્થકોએ મેચના અંતે બૂમો પાડી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. આ ડ્રો છતાં લિવરપૂલ ટેબલમાં ચોથા ક્રમે છે, પરંતુ એસ્ટન વિલા રવિવારે જીત મેળવીને તેમને પાછળ છોડી શકે છે. અન્ય મેચોમાં માન્ચેસ્ટર યુનાઈટેડ સન્ડરલેન્ડ સામે 0-0થી ડ્રો રમી હતી, જ્યારે બોર્નમાઉથ અને બ્રાઈટને પોતપોતાની મેચો જીતીને ચેમ્પિયન્સ લીગની રેસમાં દાવો મજબૂત કર્યો છે.